OFFICE OF THE
DEPUTY COMMISSIONER OF POLICE TRAFFIC
(East)
Opp: Kalupur railway station, Ahmedabad – 380002
Phone (o): 079-22110404 Email: dcp-traffic-ahd@gujarat.gov.in

# Press Note

## Traffic Advisory

તારીખ ૨૬ મે, ૨૦૨૫ સોમવારના રોજ એરપોર્ટ સર્કલથી ઇન્દિરા બ્રિજ સર્કલ ખાતે માનનીય વડાપ્રધાનશ્રીના રોડ શૉ અનુસંધાને ટ્રાફિક અંગે તમામ નાગરિકોને નીચે મુજબ સૂચનાઓ ધ્યાને લેવા માટે જાહેર અપીલ છે.

- દૈનિક અમદાવાદ થી ગાંધીનગર અપ-ડાઉન કરનાર નાગરિકોએ બપોર પછી વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવાનો રહેશે. જે માટે
  (૧) સુભાષ બ્રિજથી વિસત થઈ તપોવન સર્કલ અથવા
  (૨)ડફનાળાથી રામેશ્વર થઈ મેમકોથી નરોડા પાટિયા થઈ ચિલોડા સર્કલ દ્વારા ગાંધીનગર સુધી આવાગમન કરી શકાશે.

- જેની ફ્લાઇટ સાંજે ૬ વાગ્યાથી ૯ વાગ્યાની વચ્ચે છે તેઓને નમ્ર અપીલ છે કે પોતાના ઘરેથી રોજિંદા સમય કરતાં બે કલાક અગાઉ નીકળવાનું આયોજન કરવું તેમજ ફ્લાઇટની ટિકિટ કોઈ પોલીસ જવાન માંગે ત્યારે બતાવવી જેથી આપને એરપોર્ટ પહોંચવામાં સરળતા રહે.

- ડફનાળાથી એરપોર્ટ જતા રસ્તા પર ૧૬:૦૦ કલાક પછી માત્ર રોડશૉ અને એરપોર્ટના યાત્રીઓના વાહનોને જ પ્રવેશ આપવામાં આવશે. એ જ રીતે ઇન્દિરા બ્રિજથી એરપોર્ટ જનાર વાહનોએ હાંસોલ સર્કલથી સરદારનગર વાળો રસ્તો લઈને Pristine હોટેલ કટ થી એરપોર્ટ જવાનું રહેશે.

- રોડ શોમાં આવતા લોકોએ નિર્ધારિત સ્થાન પર સાંજે 5:00 વાગ્યા પહેલા પહોંચી જવાનું રહેશે.

- સમગ્ર રોડ તેમજ સર્વિસ રોડ અને તેને જોડતા રસ્તાઓ ૧૩:૦૦ કલાક પછી **નો-પાર્કિંગ** ઝોન રહેશે.

- હાંસોલ, કોટરપુર, નોબેલ નગર, મેઘાણી નગર અને સરદાર નગરના સ્થાનિક રહીશોને નમ્ર અપીલ છે કે આ સમયગાળા દરમિયાન બિનજરૂરી રીતે વાહનો લઈને ઘરેથી ના નીકળે અને આવશ્યકતા જણાય તો વૈકલ્પિક રસ્તાનો ઉપયોગ કરે.
- **ટ્રાફિક હેલ્પલાઇન**: કોઈપણ પ્રકારની ઇમરજન્સી જણાય તો તાત્કાલિક હેલ્પલાઇન નંબર **૧૦૯૫** પર સંપર્ક કરો.

- તમામ અપડેટ માટે શહેર ટ્રાફિક પોલીસના સોશિયલ મીડિયા પેજ સાથે જોડાયેલા રહો.

રોડશો સંબંધિત તમામ આયોજનમાં શહેરના નાગરિકોના સહયોગની અપેક્ષા સાથે આભાર.

**Safin Hasan, IPS**
Deputy Commissioner of Police,
Traffic (East)
Ahmedabad.